Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના" હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા જનરલ સર્જરી અને ENT સર્જરી ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીકલેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ વદ એકમ શનિવાર ૨૯ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૬૨

પાનાં ૧૦+૧૨ કિંમત ₹ ૫.૦૦

જિયો પ્લેટફોર્મ્સ લાવશે દેશનો સૌથી મોટો IPO

સેબીની મંજૂરી, ૨૭,૫૦૦ કરોડનું દેવું ચૂકવવા અને ડિજિટલ સામ્રાજ્યના વિસ્તરણ માટે ૨૭ કરોડ નવા શેર્સ બહાર પડાશે

રિલાયન્સ ઇન્ડ.ની ડિજિટલ સેવાઓ માટેની પાંખ શેરબજારમાંથી રૂ. ૩૭૭૦૦ કરોડ રૂપિયા ઉઘરાવશે

આ આઇપીઓ સાથે જિયો પ્લેટફોર્મ્સનું બજાર મૂલ્ય ૧૩૭ અબજ ડોલર જેટલું થઇ જશે

નવી દિલ્હી, તા. 28 (PTI): મુકેશ અંબાણીની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની ડિજિટલ સેવાઓની પાંખ, 'જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડ'ને ૩.૮ બિલિયન ડોલર એકત્રિત કરી શકાય તેવા ઇનિશિયલ પબ્લિક ઓફરિંગ(IPO) સાથે આગળ વધવા માટે માર્કેટ રેગ્યુલેટર 'સેબી' તરફથી મંજૂરી મળી ગઈ છે. આ મંજૂરી દેશના સૌથી મોટા સ્ટોક-માર્કેટ લિસ્ટિંગ માટેનો માર્ગ મોકળો કરે છે.

રેગ્યુલેટરની વેબસાઇટ પરના એક અપડેટ અનુસાર, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા(સેબી) એ ૨૮ ઓગસ્ટના રોજ તેના અંતિમ અવલોકનો જારી કર્યા હતા. જિયો પ્લેટફોર્મ્સે જૂન મહિનામાં તેના ડ્રાફ્ટ આઈપીઓ (IPO) પેપર્સ ફાઇલ કર્યા હતા. કંપનીના ડ્રાફ્ટ પ્રોસ્પેક્ટસ અનુસાર, તે ૨૭ કરોડ સુધીના નવા ઈક્વિટી શેર જારી કરવાની યોજના ધરાવે છે, જે તેના ઇશ્યૂ પછીના ઈક્વિટી બેઝના અંદાજે ૨.૯ ટકા જેટલા થાય છે. આ બાબતથી વાકેફ લોકોએ જણાવ્યું હતું કે, આ આઈપીઓથી જિયો પ્લેટફોર્મ્સનું મૂલ્ય અંદાજે ૧૩૭ બિલિયન યુએસ ડોલર થઈ શકે છે.

...અનુસંધાન પાના 5 પર

જિયોનો આઇપીઓ હ્યુન્ડાઇ ઇન્ડિયાના આઇપીઓનો વિક્રમ તોડશે

અંદાજિત રૂ. ૩૭,૭૦૦ કરોડ (૩.૮ અબજ યુએસ ડોલર)ની ઇશ્યૂ સાઇઝ સાથે, આ ઓફરિંગ ૨૦૨૪માં હ્યુન્ડાઈ મોટર ઇન્ડિયાના ૩.૩ બિલિયન યુએસ ડોલર સમકક્ષ લિસ્ટિંગને વટાવીને ભારતનો સૌથી મોટો IPO બની જશે. નેશનલ સ્ટોક એક્સચેન્જ(NSE) દ્વારા પ્રસ્તાવિત રૂ. ૩૦,૦૦૦ કરોડનો આઈપીઓ પણ આના કરતાં નાનો હશે.

ભારતના સૌથી મોટા આઈપીઓ (ઈશ્યૂ સાઈઝ મુજબ)

૦૧. **એનએસઈ (નેશનલ સ્ટોક એક્સચેંજ) પ્રસ્તાવિત:** ₹૩૦,૦૦૦.૦૦ કરોડ (વર્ષ ૨૦૨૬)
૦૨. **હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા:** ₹૨૭,૮૫૮.૭૫ કરોડ (વર્ષ ૨૦૨૪)
૦૩. **એલઆઈસી (લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન):** ₹૨૦,૫૫૭.૨૩ કરોડ (વર્ષ ૨૦૨૨)
૦૪. **પેટીએમ (વનઙ્ક કોમ્યુનિકેશન્સ):** ₹૧૮,૩૦૦.૦૦ કરોડ (વર્ષ ૨૦૨૧)
૦૫. **ટાટા કેપિટલ:** ₹૧૫,૫૧૧.૪૦ કરોડ (વર્ષ ૨૦૨૫)
૦૬. **કોલ ઈન્ડિયા:** ₹૧૫,૧૯૯.૪૪ કરોડ (વર્ષ ૨૦૧૦)
૦૭. **એચડીબી ફાઇનાન્શિયલ સર્વિસીસ:** ₹૧૨,૫૦૦.૦૦ કરોડ (વર્ષ ૨૦૨૫)
૦૮. **એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા:** ₹૧૧,૬૦૭.૦૦ કરોડ (વર્ષ ૨૦૨૫)
૦૯. **સ્વિગી:** ₹૧૧,૩૨૭.૪૩ કરોડ (વર્ષ ૨૦૨૪)
૧૦. **જીઆઈસી રી (જનરલ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન):** ₹૧૧,૨૫૬.૮૩ કરોડ (વર્ષ ૨૦૧૭)
૧૧. **આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ એએમસી:** ₹૧૦,૬૦૨.૬૫ કરોડ (વર્ષ ૨૦૨૫)

મેટા, ગૂગલ અને સિલ્વર લેક જેવા વૈશ્વિક રોકાણકારો પાસે છે મહત્વની હિસ્સેદારી

મેટા (FACEBOOK) અને ગૂગલનું મોટું રોકાણ

જીઓ પ્લેટફોર્મ્સના ઉત્કૃષ્ટ ટ્રેક રેકોર્ડના કારણે વિશ્વભરના મોટા રોકાણકારોની તેના પર નજર રહી છે. વર્ષ 2020માં મેટાએ ₹43,574 કરોડનું રોકાણ કરીને કંપનીમાં 9.99% હિસ્સેદારી મેળવી હતી. જ્યારે ટેક જાયન્ટ ગૂગલે ₹33,737 કરોડના રોકાણ સાથે 7.73% હિસ્સો ખરીદ્યો હતો.

ગ્લોબલ ઇન્વેસ્ટર્સ ગ્રુપનું ભંડોળ

મેટા અને ગૂગલ ઉપરાંત સિલ્વર લેક, KKR, મુબાડાલા, ઇન્ટેલ અને ક્વોલકોમ જેવા વૈશ્વિક રોકાણકારોના સમૂહે પણ જીઓ પ્લેટફોર્મ્સમાં કુલ ₹74,745 કરોડનું ભારી રોકાણ કરીને 15.2% હિસ્સેદારી પ્રાપ્ત કરી હતી.

વર્તમાન શેરહોલ્ડિંગ પેટર્ન

હાલની સ્થિતિએ, માતૃ કંપની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) પાસે જીઓ પ્લેટફોર્મ્સની 66.43% મુખ્ય હિસ્સેદારી છે. જ્યારે મેટા અને ગૂગલ પાસે સંયુક્ત રીતે કુલ 17.71% શેર્સ રહેલા છે.

નેપાળમાં બચાવ કામગીરી પૂરજોશમાં



ભોટેકોશી નદીમાં પાણીની સપાટી વધતાં પૂરના ભય વચ્ચે એલર્ટ; કટોકટી વચ્ચે સરકારે પરીક્ષાઓ સ્થગિત કરી અને મંત્રીઓએ એક મહિનાનો પગાર રાહત ફંડમાં આપ્યો, મૃત્યુ આંક 579

કાઠમંડુ, તા. 28. નેપાળના મધ્ય ભાગમાં બુધવારે આવેલા ભયાનક પૂર અને ભૂસ્ખલન બાદ સર્જાયેલી તારાજી વચ્ચે શુક્રવારે મૃત્યુઆંક વધીને 579 પર પહોંચી ગયો છે. ભોટેકોશી નદીના વિસ્તારમાં પાણીની સપાટી અચાનક વધતા અને નવા પૂરના ભયના કારણે બચાવ કામગીરી થોડી ધીમી પડી હતી, પરંતુ બાદમાં વધુ મૃતદેહો મળવાની સાથે રેસ્ક્યૂ ઓપરેશન પૂરી ઝડપે પુનઃશરૂ કરવામાં આવ્યું છે. ભોટેકોશી અને ત્રિશુલી નદી કિનારે બચાવ કામગીરીમાં જોડાયેલા કર્મચારીઓ તેમજ સ્થાનિક રહીશોને અત્યંત સાવચેત રહેવા અને જોખમ જણાતાં તુરંત સુરક્ષિત સ્થળોએ ખસી જવા જણાવાયું છે.

૧. નેશનલ ડિઝાસ્ટર ઓથોરિટીની ગંભીર ચેતવણી

કાંપ અને કાદવવાળું પાણી વધ્યું: નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટી (NDRRMA) એ જણાવ્યું કે જ્યાં બુધવારે પૂર આવ્યું હતું ત્યાં કાદવ અને કાંપથી મિશ્રિત પાણીનું સ્તર ફરી વધી રહ્યું છે, જેથી વધુ પૂર આવવાનું જોખમ ઊભું થયું છે.

હાઈ એલર્ટ: ભોટેકોશી અને ત્રિશુલી નદી કિનારે રહેતા લોકોને અને બચાવ ટુકડીઓને અત્યંત સતર્ક રહેવા અને જોખમ

...અનુસંધાન પાના 5 પર

નેપાળ પૂરમાં 320 ભારતીયો લાપતા

નવી દિલ્હી, તા. 28. ઉત્તર-પૂર્વ નેપાળ તથા તિબ્બત સીમા પર આવેલ વિનાશક પૂર બાદ 320 ભારતીય નાગરિકો હજુ પણ સંપર્કવિહોણા (ગુમ) છે, જ્યારે ચીનની સરહદ તરફ ફસાયેલા 400 ભારતીયો સુરક્ષિત હોવાનું વિદેશ મંત્રાલયે શુક્રવારે જણાવ્યું હતું. આ ઉપરાંત ભારતીય મૂળના લગભગ 100 લોકો (જેઓ અન્ય દેશોનું નાગરિકત્વ ધરાવે છે અને કૈલાશ માનસરોવર યાત્રાએ ગયા હતા) સાથે પણ સંપર્ક થઈ શક્યો નથી. ત્રિશુલી-વન હાઇડ્રોપાવર પ્રોજેક્ટમાં કામ કરતા 63 ભારતીય કર્મચારીઓને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. ચીન તરફ ફસાયેલા નાગરિકોમાંથી 153 ભારતીયો સુરક્ષિત રીતે સીમા પાર કરીને નેપાળ પહોંચી ગયા છે, જેમાં મહારાષ્ટ્રના 37 લોકોનો પણ સમાવેશ થાય છે.

૨. ભારત સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી મદદ

...અનુસંધાન પાના 5 પર

સોનિયા ગાંધીના સંસ્મરણ પુસ્તકના અમે પ્રકાશક નથી: પેંગ્વિનની અચાનક જાહેરાત

લખાણની સત્યતા અંગે ચકાસણી કરવા બાબતે વિવાદ થયો હોવાનો સંકેત આપ્યો

નવી દિલ્હી, 28: પેન્ગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયા (PRHI)એ શુક્રવારે જણાવ્યું હતું કે તેઓ "તમામ સંબંધિત ચર્ચા" દરમિયાન સોનિયા ગાંધીની સંસ્મરણીકા "બિલોન્ગિંગ: અ જર્ની ઓફ લવ" પ્રકાશિત કરવા માટે ઉત્સુક હતા, પરંતુ લેખકોના લખાણની સત્યતા ચકાસવી એ તેમની "અધિકાર અને જવાબદારી" છે. અમેરિકન પબ્લિશર 'આલ્ફ્રેડ એ નોફ' (જે પેન્ગ્વિન રેન્ડમ હાઉસની જ એક ઈમ્પ્રીન્ટ છે) દ્વારા



૧૦ નવેમ્બરે "બિલોન્ગિંગ" પુસ્તક રિલીઝ કરવાની જાહેરાત કર્યાના થોડા દિવસો બાદ, PRHI એ એક નિવેદનમાં સ્પષ્ટતા કરી છે કે તેઓ

...અનુસંધાન પાના 5 પર

પેંગ્વિન પર સરકારનું દબાણ છે: કોંગ્રેસ

કોંગ્રેસના અનેક નેતાઓએ PRHI પર પ્રહારો કરતા પૂછ્યું કે જ્યારે આ પુસ્તક વિશ્વભરમાં તેમની જ સંસ્થા દ્વારા પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે, તો તેમને ભારતમાં આ સંસ્મરણ પ્રકાશિત કરતા કોણે રોક્યા? કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે જણાવ્યું હતું કે, "પુસ્તક પર દબાણ લાવવું અને તેને રોકવું એ અભિવ્યક્તિની સ્વતંત્રતાની હત્યા કરવા સમાન છે." તેમણે દાવો કર્યો હતો કે પેન્ગ્વિન ઇન્ડિયા

...અનુસંધાન પાના 5 પર

પેંગ્વિન ઇન્ડિયાના ભૂતકાળના વિવાદો

આ પહેલીવાર નથી જ્યારે પેંગ્વિન ઇન્ડિયા આવા વિવાદમાં ઘેરાયું હોય:

1. જો સાકોની ગ્રાફિક નોવેલ (જૂન 2026): 2013ના મુઝફ્ફરનગર રમખાણો પર આધારિત ગ્રાફિક નોવેલને સ્થાનિક કાનૂની અને બજારના સંજોગો દર્શાવીને વિતરણમાંથી હટાવી લેવાઈ હતી.
2. જનરલ એમ. એમ.

...અનુસંધાન પાના 5 પર

ભારત અમેરિકા પાસેથી જેવેલીન એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ સિસ્ટમ ખરીદશે

ભારત-અમેરિકા વચ્ચે LOA પર હસ્તાક્ષર

આ ખરીદીની કિંમત જાહેર કરવામાં આવી નહીં

નવી દિલ્હી, 28 (PTI): ભારતીય સેનાની યુદ્ધ ક્ષમતાને વધુ મજબૂત કરવા માટે ભારતે અમેરિકા પાસેથી 'જેવેલિન' એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ સિસ્ટમ ખરીદવા માટેનો એક કરાર કર્યો છે.

અમેરિકી રાજદૂત સર્જિયો ગોરે જણાવ્યું હતું કે, આ કરાર બંને દેશો વચ્ચેની સંરક્ષણ ભાગીદારી દર્શાવે છે જે વધુ ઊંડી, સક્ષમ અને મહત્વપૂર્ણ બની રહી છે. ભારત કેટલી સંખ્યામાં જેવેલિન એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ સિસ્ટમ ખરીદી રહ્યું છે

અથવા આ ખરીદીનો કુલ ખર્ચ કેટલો છે તે તાત્કાલિક જાણી શકાયું નથી. અમેરિકી નિવેદન અનુસાર, એફએમએસ પ્રક્રિયા દ્વારા જેવેલિન એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ સિસ્ટમની ખરીદી માટે ભારતીય સેના દ્વારા 'લેટર ઓફ ઓફર એન્ડ એક્સેપ્ટન્સ' (LOA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જેનું અમેરિકા સ્વાગત કરે છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે આ મહત્વપૂર્ણ તબક્કો અમેરિકા અને ભારતીય સશસ્ત્ર દળો વચ્ચેની સ્થાયી ભાગીદારીને દર્શાવે છે અને અમેરિકા તથા ભારતીય સંરક્ષણ ઉદ્યોગો વચ્ચે ભવિષ્યના સહયોગ માટેના દ્વાર ખોલે છે.

જેવેલિન સિસ્ટમ એ એક અદ્યતન, મધ્યમ-અંતરની, 'ફાયર-એન્ડ-ફોરગેટ' એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ છે. યુએસ આર્મી, યુએસ મરીન કોર્પ્સ અને અનેક આંતરરાષ્ટ્રીય ગ્રાહકો દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવે છે અને તે સશસ્ત્ર વાહનો અને મજબૂત બંકરો સહિત લક્ષ્યોની વિશાળ શ્રેણી સામે ઉપયોગ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. જેવેલિન સિસ્ટમનું ઉત્પાદન 'જેવેલિન જોઈન્ટ વેન્ચર' દ્વારા કરવામાં આવે છે, જે RTX અને લોકહીડ માર્ટિન વચ્ચેની ભાગીદારી છે.

પરીક્ષા સુધારણા માટે ટાસ્ક ફોર્સે જાહેર જનતા પાસેથી સૂચનો મંગાવ્યા

નંદન નિલેકણીના અધ્યક્ષપણા હેઠળની સમિતિની મોટી પહેલ; વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો 13 સપ્ટેમ્બર સુધી પોતાના અભિપ્રાય આપી શકશે

નવી દિલ્હી, તા. 28. કેન્દ્ર સરકાર દ્વારા પેપર લીકના વિવાદો અને જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન બાદ રચવામાં આવેલી ઉચ્ચ સ્તરીય ટાસ્ક ફોર્સ (HPTF) એ શુક્રવારે જાહેર પરીક્ષાઓમાં વ્યાપક સુધારા, જવાબદારી નક્કી કરવા અને સંસ્થાકીય વ્યવસ્થાને મજબૂત કરવા માટે સામાન્ય જનતા અને તમામ હિસ્સેદારો પાસેથી સૂચનો આમંત્રિત કર્યા છે.

રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી (NTA) દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓની સુરક્ષા, સંચાલન અને ગવર્નન્સમાં સુધારાની ભલામણ કરવા માટે જુલાઈ મહિનામાં ઈન્ફોસિસના સહ-સ્થાપક નંદન નિલેકણીની અધ્યક્ષતામાં આ 6-સભ્યોની ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, શૈક્ષણિક સંસ્થાઓ, પરીક્ષા આપતી એજન્સીઓ અને નાગરિક સમાજ (Civil Society) ના સંગઠનો પોતાના સૂચનો મોકલી શકે છે.

તમામ હિસ્સેદારોએ 13 સપ્ટેમ્બર સુધીમાં પોતાના સૂચનો જમા કરાવવાના રહેશે.

સૂચનો અંગ્રેજી, હિન્દી અથવા સ્થાનિક (પ્રાદેશિક) ભાષાઓમાં નિયુક્ત વેબસાઇટ, ફોન, વોટ્સએપ (WhatsApp) અથવા

...અનુસંધાન પાના 5 પર

ISI માટે જાસૂસી મોડ્યુલ ચલાવવા બદલ દિલ્હીના દંપતિની ધરપકડ

આ પતિ-પત્ની પાકિસ્તાની ઓપરેટિવ્ઝ માટે કામ કરતા હતા, ભારતીય સીમકાર્ડ્સ પાકિસ્તાન મોકલ્યા હતા

લશ્કરી છાવણીઓની જાસૂસી કરવાનું કામ પણ સોંપાયું હતું

નવી દિલ્હી, 28 (PTI): દિલ્હી પોલીસે પાકિસ્તાનની ISI દ્વારા સમર્થિત કથિત જાસૂસી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે અને 2024થી પાકિસ્તાની ઈન્ટેલિજન્સ ઓપરેટિવ્સ માટે કામ કરવાના, ભારતીય સિમ કાર્ડ્સ મેળવીને દુબઈ થઈને પાકિસ્તાન મોકલવાના આરોપસર એક દંપતીની ધરપકડ કરી છે. શુક્રવારે એક અધિકારીએ આ માહિતી આપી હતી.

પોલીસે જણાવ્યું હતું કે મોહમ્મદ સાહિલ(25) અને તેની પત્ની સમીરા(21) એ કથિત રીતે પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સને લોજિસ્ટિકલ સપોર્ટ પૂરો પાડ્યો હતો અને ભારતમાં અલગ-અલગ સ્થળોએ કેન્ટોનમેન્ટ વિસ્તારોની રેકી કરવા સહિતની જાસૂસી પ્રવૃત્તિઓ માટે લોકોની ભરતી કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, આ દંપતી 2024માં સોશિયલ મીડિયા દ્વારા પાકિસ્તાની એજન્ટોના સંપર્કમાં આવ્યું હતું અને ત્યારબાદ આર્થિક લાભના બદલામાં જાસૂસી નેટવર્ક માટે કામ કરવા માટે તૈયાર થયું હતું. પોલીસે જણાવ્યું કે તેમના પાકિસ્તાની હેન્ડલર્સે સિમ કાર્ડ

...અનુસંધાન પાના 5 પર

ભારતીય સીમકાર્ડ પાકિસ્તાનમાં ઓનલાઇન મેસેજિંગ એપ્સ પર એક્ટિવેટ કરાયા

સાહિલે કથિત રીતે ખુલાસો કર્યો હતો કે તેણે અને સમીરાએ 2024 અને 2025 દરમિયાન દુબઈ મારફતે પાકિસ્તાનમાં આઠ ભારતીય સિમ કાર્ડ મોકલ્યા હતા. આ સિમ કાર્ડ્સ પાકિસ્તાનમાં ઓનલાઇન મેસેજિંગ એપ્લિકેશન્સ પર એક્ટિવેટ કરવામાં આવ્યા હતા, અને હેન્ડલર્સે સંવેદનશીલ માહિતી એકત્ર કરવા માટે ભારતીય વોટ્સએપ ગ્રુપ્સમાં પ્રવેશવા માટે તેમનો ઉપયોગ કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે પાકિસ્તાની ઓપરેટિવ્સે આ નંબરોનો ઉપયોગ ભારતીયોનો સંપર્ક કરવા અને માહિતી એકત્ર કરવા માટે પણ કર્યો હોવાનો આરોપ છે.

તા. ૨૮-૦૮-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો 0.0 મીમી	મોસમનો ૧૬૯૦ મીમી
ઉકાઈ	સપાટી આજની ૩૩૫.૩૮ ફૂટ	આઉટફ્લો ૮૦૦ ક્યુસેક
તાપમાન	મહત્તમ ૩૨.૬ સે.	લઘુત્તમ ૨૬.૯ સે. / ભેજ ૭૦%